IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ભરૂચ જિલ્લાના મોચી સમાજમાં વિદ્યાર્થીઓ અને વાલીઓની સમસ્યાઓનો અભ્યાસ

ડૉ. કૌશલભાઈ એચ. પારેખ
માર્ગદર્શકશ્રી,
પ્રા.જયેશકુમાર ડી. પરમાર
રિસર્ચ સ્કોલર
જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય, થવા.

## સારાંશ

પ્રસ્તુત સંશોધન મોચી સમાજ પર આધારિત હતું. પ્રસ્તુત સંશોધનમાં ભરૂચ જિલ્લાના મોચી સમાજમાં રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાંથી 30 ટકા જેટલો નમૂનો લેવામાં આવ્યો હતો . નમૂના પાસેથી માહિતી મેળવવા માટે મુક્ત પ્રશ્નાવલી અને સાક્ષ્યપત્રક નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.આ માહિતી ને આધારે માહિતી પૃથ્થકરણ તરીકે ટકાવારી અને મળેલા જવાબોનું સામાન્યીકરણ કરીને તારણો કાઢવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ ઓને કૌટુંબિક તેમજ શિક્ષણ અંતર્ગત સમસ્યાઓ જોવા મળી હતી અને કુટુંબનાં વાલીઓ દ્વારા મોચી સમાજમાં જે સમસ્યાઓ રહેલ છે તે અંગે સૂચનો પણ મળ્યા હતા.

## પ્રસ્તાવના

સંશોધક મોચી સમાજ વચ્ચે રહે છે. પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચતર તેમજ ઉચ્ચ શિક્ષણ મેળવતી વખતે મોચી સમાજના વાલીઓ તેમજ વિદ્યાર્થીઓના સંપર્કમાં રહ્યો છે. સામાન્ય જોતાં જણાયું હતું કે, મોચી સમાજના વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ મેળવે છે પરંતુ ઉચ્ચતર શિક્ષણ મેળવવામાં મોચી સમાજના વિદ્યાર્થીઓ ખૂબ ઓછા હોય છે. આવું શા માટે થતું હશે? વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને કઈ-કઈ સમસ્યાઓ નડતી હશે? એ જાણવું એક સંશોધક તરીકે જરૂરી હતું.

## સમસ્યા કથન

પ્રસ્તુત સંશોધન માટેની સમસ્યા નીચે મુજબ હતી

"ભરૂચ જિલ્લાના મોચી સમાજમાં વિદ્યાર્થીઓ અને વાલીઓની સમસ્યાઓનો અભ્યાસ"

## પારિભાષિક શબ્દોની વ્યાખ્યા

પ્રસ્તુત સંશોધનનાં શીર્ષકના શબ્દો પણ તેના ચોક્કસ અર્થ સાથે પ્રયોજાય છે આથી શબ્દોને વ્યાખ્યાયિત કરવાનું જરૂરી બને છે

### ભરૂચ

ભરૂચ એટલે ગુજરાત રાજ્યના જિલ્લાઓમાનો એક જિલ્લો એટલે ભરૂચ કે જેની વસ્તી ૧૫,૫૧.૦૧૯ છે. આ જિલ્લામાંથી ગુજરાતની સૌથી મોટી નર્મદા નદી પસાર થાય છે. ભરૂચ જિલ્લો 21° ૪૨' ૧૮" અક્ષાંશ અને ૭૨° ૫૯' ૪૫" E રેખાંશ પર છે. જેનો વિસ્તાર ૩૫.૩૪ સ્ક્વેર કિલોમીટર છે.

## મોચી સમાજ

ચામડાના જોડા કે બુટ-ચંપલની ચીજો બનાવનાર વ્યક્તિ કે તેનો ધંધો કરનારી જાતી કે આચરણ વાળો જન સમુદાય એટલે મોચી સમાજ.

પ્રસ્તુત સંશોધનમાં મોચી સમાજ એટલે ભરૂચ જિલ્લાનાં મોચી જ્ઞાતિનાં લોકો નો સમૂહ.

## સંશોધનનાં હેતુઓ

પ્રસ્તુત સંશોધન માટે હેતુઓ નીચે મુજબ બનાવવામાં આવ્યા હતા.

1. ભરૂચ જિલ્લાના મોચી સમાજની કૌટુબીંક સમસ્યાઓને અભ્યાસ કરવો.
2. ભરૂચ જિલ્લાના મોચી સમાજની શિક્ષણ સંબધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.
3. ભરૂચ જિલ્લાના મોચી સમાજની સમાજ સંબધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.
4. ભરૂચ જિલ્લાના મોચી સમાજની સમસ્યાઓ દૂર કરવા અંગેના સૂચનો જાણવા.

5. ભરૂચ જિલ્લાના મોચી સમાજની આર્થિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
6. ભરૂચ જિલ્લાના મોચી સમાજના વિદ્યાર્થીઓની પરીક્ષા સબંધી સમસ્યાઓનો અભ્યાસ કરવો.

## સંશોધનના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધન માટે નીચે મુજબનાં પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

1. ભરૂચ જિલ્લાના મોચી સમાજની કૌટુબીંક સમસ્યાઓ કઈ-કઈ છે?
2. ભરૂચ જિલ્લાના મોચી સમાજની શિક્ષણ સંબધિત સમસ્યાઓ કઈ-કઈ છે?
3. ભરૂચ જિલ્લાના મોચી સમાજની સામાજિક પરિસ્થિતિ કેવી છે?
4. ભરૂચ જિલ્લાના મોચી સમાજની સમસ્યાઓ દૂર કરવાના શું ઉપાયો હોય શકે?
5. ભરૂચ જિલ્લાના મોચી સમાજની આર્થિક સમસ્યાઓ કેવી છે?
6. ભરૂચ જિલ્લાના મોચી સમાજના વિદ્યાર્થીઓની પરીક્ષા અંગે કયા પ્રકારની સમસ્યા છે?

## સંશોધન ચલો

1. **સ્વતંત્ર ચલો :** જાતીયતા
   સ્ત્રી – પુરુષ
2. **શાળાનો પ્રકાર :** ભરૂચ જિલ્લાની ગ્રાન્ટ-ઇન-એઈડ અને સ્વ-નિર્ભર શાળાના વિદ્યાર્થીઓ

## સંશોધનની મર્યાદા

પ્રસ્તુત સંશોધનની મર્યાદા નીચે મુજબ હતી.

- પ્રસ્તુત સંશોધન ફક્ત ભરૂચ જિલ્લાપૂરતુ મર્યાદીત હતું.
- પ્રસ્તુત સંશોધન ફક્ત મોચી સમાજ પૂરતુ જ મર્યાદીત હતું.
- પ્રસ્તુત સંશોધન શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ પૂરતું જ હતું.
- પ્રસ્તુત સંશોધન માટે સર્વેક્ષણ પદ્ધતિનો જ ઉપયોગ કરવામાં આવતો હતો
- પ્રસ્તુત સંશોધન માટે ઉપકરણ તરીકે પ્રશ્નાવલી તેમજ સાક્ષ્યપત્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો

## વ્યાપવિશ્વ અને નમુના પસંદગી

સંશોધકનાં સંશોધનનો વિષય ભરૂચ જિલ્લાના મોચી સમાજના વિદ્યાર્થીઓ અને વાલીઓની સમસ્યાઓનો અભ્યાસ હોવાથી પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે ભરૂચ જિલ્લાની પસંદગી કરવામાં આવી હતી. જેના નમૂના તરીકે ૩૦% ભાગની પસંદગી કરવામાં આવી હતી.

## ઉપકરણની પસંદગી

પ્રસ્તુત સંશોધનના સંશોધકે હેતુઓને ધ્યાનમાં રાખીને સંશોધક દ્વારા સ્વરચિત પ્રશ્નાવલી અને સાક્ષ્યપત્રકની ઉપકરણ તરીકે રચના કરવામાં આવી હતી.

## સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતું.

## સંશોધનનું ક્ષેત્ર :

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર મોચી સમાજના વિદ્યાર્થીઓ તેમજ કુટુંબોને લગતું હતું.

## માહિતી પ્રાપ્ત કરવા માટેના ઉપકરણો

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે પ્રશ્નાવલી અને સાક્ષ્યપત્રકની રચના કરવામા આવી હતી.

## માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત માહિતીનું આકડાશાસ્ત્રીય પૃથક્કરણ કરવા માટે ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તથા સાક્ષ્યપત્રક દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીનું સામાન્યીકરણ કરીને તેના તારણો કાઢવામાં આવ્યા હતા.

## સંશોધનનાં તારણો

પ્રસ્તુત સંશોધનમાં મોચી સમાજમાં વિદ્યાર્થીઓ અને વાલીઓની સમસ્યાઓ અંગે સંશોધક દ્વારા સંશોધનો કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું જેના તારણો નીચે મુજબ હતા .

1. **કૌટુંબિક સમસ્યા અગેના તારણો**
   - અભ્યાસ માટે પૂરતું વાતાવરણ પર્યાપ્ત ન હતું.
   - ઘરના સભ્યો વારંવાર ઝગડા કરતાં હતા.
   - ઘરની પરિસ્થિતિ નબળી હોવાથી ટ્યુશન મળતું ન હતું.
2. **શિક્ષણ સબંધી સમસ્યાઓ**
   - અભ્યાસ કરતા શાળાકીય અન્ય પ્રવુતિઓને વધુ પ્રોત્સાહન આપવામાં આવતું હતું.
   - કુટુંબમાં શૈક્ષણીક સામાગ્રી પૂરતી ન હતી.

- વર્ગમાં બેસવા માટેની પૂરતી વ્યવસ્થા ન હતી.

3. **સામાજિક સમસ્યાઓ**
    - સમાજમાં શિક્ષણને પૂરતું મહત્વ અપાતું ન હતું.
    - અન્ય કોઈ સંસ્થા સમાજને પૂરતી મદદ કરતી ન હતી.
    - સમાજને સરકાર તરફથી ઓછી મદદ મળતી હતી.

4. **સમાજની સમસ્યાઓ દુર કરવા અગેનાં સૂચનો**
    - યોગ્ય સલાહ આપવાનું વાલીઓને જણાવ્યું હતું
    - કુટુંબોમાં કૌટુંબિક ઝઘડા ઓછા થવા જોઈએ તે અગેનું સુચન મળ્યું હતું
5. આર્થિક સમસ્યા સબંધી સમસ્યાઓ
    - સ્કોલરશીપ સમયસર મળતી ન હતી.
    - અભ્યાસ કરવા માટે શાળામાંથી પૂરતી મદદ મળતી ન હતી.
    - સમાજ તરફથી આર્થિક સહાય પ્રાપ્ત થતી ન હતી.
6. પરીક્ષા સબંધી સમસ્યાઓ
    - પરીક્ષા આપવાનું ગમતું નથી.
    - પરીક્ષામાં નાપાસ થવાનો ડર લાગે છે.
    - વર્ગખંડમાં આત્મવિશ્વાસ ઓછો થઈ જાય છે.

## સંશોધનનાં શૈક્ષણીક ફલિતાર્થો

પ્રસ્તુત સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો આ મુજબ હતા.

- વાલીઓનો સંપર્ક કરી શાળા વિકાસ તરફ જાગૃતિ વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- કુટુંબની અન્ય મુશ્કેલીઓથી મુંઝાતા વિદ્યાર્થીઓને NGO જેવી સ્વૈચ્છિક સંસ્થાઓનો સંપર્ક કરી મદદ કરવી જોઈએ
- વર્ગશિક્ષકોએ વર્ગમાં નવીનતમ શૈક્ષણિક પધ્ધતિ અને વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ તેમજ શૈક્ષણિક સાધનોના ઉપયોગ વડે શૈક્ષણિક કાર્ય કરાવવું જોઈએ.

## સંદર્ભસૂચિ


- આચાર્ય, એમ. (૨૦૦૮). ***શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર.*** : અમદાવાદ : પાર્શ્વ પબ્લીકેશન.
- કલિંગર, એન. વી. (૧૯૬૯). ***શૈક્ષણીક સંશોધન.*** અમદાવાદ : યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- ખીમાણી, આર. (૨૦૦૫). ***સાર્થ ગુજરાતી જોડણીકોષ.*** અમદાવાદ : ગુજરાત વિદ્યાપીઠ.
- દરજી, ડી. આર. (૧૯૯૭). ***શૈક્ષણીક માપન અને મૂલ્યાંકનની પ્રવિધિઓ*** (દ્વિતીય આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- ભગવતસિહજી. (૨૦૦૭). ***ભગવદ્ ગોમંડલ.*** ભાગ -૧ રાજકોટ : પ્રવીણ પ્રકાશન.
- વાઘેલા, એ. (૨૦૨૧). ***સમાજશાસ્ત્રનો પરિચય*** (દ્વિતીય આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- https://hi. m. wikipedia. Org>wiki